## <u>વ્યાખ્યાન 70</u>

## સિધ્ધહેમશબ્દાનુશાસન - ગુજરાતનું અજર- અમર વ્યાકરણ

આચાર્ય હેમચન્દ્રસૂરિ દ્વારા સિધ્ધહેમશબ્દાનુશાસનની રચના કરવામાં આવી હતી. તેઓ બારમી શતાબ્દીના સોલંકીવંશના રાજા સિધ્ધરાજ જયસિંહદેવના શાસનકાળમાં થઈ ગયા હતા. સિધ્ધરાજે તે સમયે માળવા (અવન્તિકા) ઉપર આક્રમણ કરીને જીતી લીધું હતું. તે સમય કોઈકે ટોણો માર્યો કે રાજા તમે બાહુબળથી માળવાને જીત્યું ખરું, પણ ભોજરાજે જે સરસ્વતીકંઠાભરણ નામનું જે વ્યાકરણ રચ્યું છે, તેની કીર્તિ તો હજી અજેય છે. આથી સિધ્ધરાજે પોતાના વતન અણહિલપુર પાટણમાં પાછા ફર્યા પછી, જૈન મુનિવર આચાર્ય હેમચન્દ્રજીને સમ્માનપૂર્વક વિનંતી કરી કે તમે ગુજરાતનું પોતાનું કહી શકાય તેવું નવું એક વ્યાકરણ રચો. શ્રીહેમચન્દ્રે રાજાને કહ્યું કે તમે માણસો મોકલીને મને કાશ્મીર પ્રદેશમાંથી અન્ય આઠ પ્રકારના જે વ્યાકરણો પ્રસિધ્ધ છે, તેની નકલો મંગાવી આપો. સિધ્ધરાજે તેની વ્યવસ્થા કરી આપી. ત્યાર પછી, આચાર્યે તે દરેકનો સૂક્ષ્મ અભ્યાસ કરીને, એક વ્યાકરણની રચના કરી. તે ગ્રન્થ સિધ્ધરાજની પ્રેરણાથી લખવામાં આવ્યો હતો. તેથી સિધ્ધરાજના નામમાંથી “સિધ્ધ” શબ્દ લીધો, અને પોતાના નામમાંથી “હેમ” શબ્દ લીધો. અને એ રીતે ગ્રન્થનું શીર્ષક બનાવ્યું - **<u>સિધ્ધહેમશબ્દાનુશાસન</u>**.

આ વ્યાકરણમાં કુલ આઠ અધ્યાય છે. જેના પહેલા સાત અધ્યાયોમાં લૌકિક સંસ્કૃત ભાષાનું વ્યાકરણ મૂક્યું છે. તથા છેલ્લા આઠમાં અધ્યાયમાં પ્રાકૃત ભાષાનું વ્યાકરણ રચ્યું. આખો ગ્રન્થ સૂત્રશૈલીમાં લખાયો છે. સૂત્રો હંમેશા સ્વલ્પાક્ષર (ટૂંકામાં ટૂંકા અક્ષરોમાં લખાયેલ) હોય છે, જેથી એને વાંચતાની સાથે સમજી શકાતાં નથી. આથી હેમચન્દ્રે પોતાના શિષ્યો ઉપર કૃપા કરીને, તે સૂત્રાત્મક વ્યાકરણને સમજવામાં ઉપયોગી થાય તેવી ચાર ટીકાઓ પણ રચી. જેમકે, લઘુવૃત્તિ, બૃહદવૃત્તિ અર્થાત્ તત્ત્વપ્રકાશિકા, રહસ્યવૃત્તિ અને બૃહન્ન્યાસ (અર્થાત્ મહાશબ્દાર્ણવ-ન્યાસ, આ ટીકા અપૂર્ણ મળે છે. તેની હસ્તલિખિત પ્રતિઓ

હજી જૂનાં ગ્રન્થભંડારોમાંથી શોધવાનું કામ બાકી છે. ઈન્ડિયા ઑફિસ લાઈબ્રેરી, લંડન, ઑક્સફર્ડ યુનિવર્સિટીની બોડલિયન લાઈબ્રેરી, ઑક્સફર્ડ વગેરેમાં તેની પ્રતો અંગ્રેજો લઈ ગયા છે- તે બધું સોફ્ટ કૉપી રૂપે પાછું મેળવવું બહુ જરૂરી છે.) સૂત્રકારે પોતે આ ચાર ટીકાઓ લખી છે માટે તેને સ્વોપજ્ઞ ટીકા એવું નામ મળે છે. (આચાર્યની ટીકાઓને સમજાવવા પાછળથી અન્ય ગુરુઓએ પણ અન્ય ટીકાઓ લખી છે. જેમનાં નામ ઢૂંઢિકા, અવચૂરી, દીપિકા, પરિષ્કાર ઈત્યાદિ રાખવામાં આવ્યાં છે.) આ ટીકા લખવાની અને તેમનાં અનુવાદો કરવાની પ્રવૃત્તિ અનેક શતાબ્દીઓથી નિરંતર ચાલતી રહેલી જોવા મળે છે. પંડિત શ્રીબહેચરદાસ દોશીએ આખા સિધ્ધહેમશબ્દાનુશાસનનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે, જે યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદમાંથી પ્રકાશિત થયેલ છે.

सिध्धहेमशब्दानुशासन ને પંચાંગી વ્યાકરણ કહેવાય છે. તેમાં નીચે મુજબના પાંચ અંગો ગણાવાય છે- 1. અષ્ટાધ્યાયી સૂત્રપાઠ, 2. ઉણાદિ સૂત્રપાઠ, 3. ધાતુપારાયણ, 4. લિંગાનુશાસન અને 5. ગણપાઠ. પ્રબન્ધચિંતામણિ નામના ગ્રન્થમાં જણાવ્યું છે કે હેમચન્દ્રે આ વ્યાકરણની રચના એક જ વર્ષમાં પૂરી કરી હતી, અને તે ગ્રન્થોનું કદ સવા લાખ શ્લોક- પ્રમાણ હતું. સિધ્ધહેમશબ્દાનુશાસનના લૌકિક સંસ્કૃત ભાષાને વર્ણવતાં સૂત્રોની સંખ્યા 3566 છે, અને આઠમાં અધ્યાયમાં મૂકેલા પ્રાકૃત ભાષાના વ્યાકરણમાં કુલ સૂત્રોની સંખ્યા 1119 છે. આ આઠમો અધ્યાય ચાર પાદમાં વિભાજિત છે અને તેમાં વ્યાપક સ્તર પર વપરાતી મહારાષ્ટ્રી પ્રાકૃતનું નિરૂપણ છે, તે પછી મહારાષ્ટ્રી પ્રાકૃતથી જ્યાં જ્યાં શૌરસેની, માગધી, પૈશાચી, આર્ય, અપભ્રંશ જુદી પડે છે- તેનું અલગ અલગ વિભાગોમાં નિરૂપણ કર્યું છે. આને ઉત્સર્ગાપવાદ પધ્ધતિ કહે છે. સામાન્ય સ્વરૂપવાળી મહારાષ્ટ્રી- પ્રાકૃત વર્ણવી દીધા પછી, શૌરસેની વગેરે અન્ય પ્રદેશોની પ્રાકૃતો જ્યાં જ્યાં જુદી પડે છે- તેનું વર્ણન કરવું સહેલું પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો હેમચન્દ્રે પ્રાકૃત ભાષાનું ઐતિહાસિક ક્રમે બદલાતી રહેલી પ્રાકૃતનું વ્યાકરણ આપ્યું નથી. પરંતુ “ઉત્સર્ગ-અપવાદ” પધ્ધતિએ આ વ્યાકરણની રચના કરી છે. વળી, હેમચન્દ્રે પોતાના પ્રાકૃત વ્યાકરણમાં જે

ધ્યાને ચઢે એવી વિશેષતા ઊભી કરી છે તે એ છે કે તેમણે પ્રાકૃત ભાષામાં જ્યાં બબ્બે વૈકલ્પિક રૂપો મળે છે, તેમાંથી બન્ને શબ્દરૂપો જો અલગ અલગ અર્થ આપતો હોય તો તેનું ચોકસાઈ પૂર્વક વર્ણન કર્યું છે. એટલે કે તેઓએ રૂપભેદે અર્થભેદની નોંધ લીધી છે. આવી ચોકસાઈ તેમના પુરોગામી પ્રાકૃત- વ્યાકરણ લખનારા વરરુચિએ પ્રાકૃત- પ્રકાશમાં રાખી નથી. તદુપરાંત, હેમચન્દ્રે પોતાના પ્રાકૃત વ્યાકરણની વૃત્તિમાં વચ્ચે “આર્ષમ્” એમ લખીને, જૈન આગમ ગ્રન્થો, કે જેમાં ભગવાન મહાવીરની વાણી સંગૃહીત છે, તેમાં કેવાં જુદાં રૂપો જોવા મળે છે- એની પણ ચોકસાઈ પૂર્વક નોંધ લીધી છે. ત્રીજો ધ્યાનસ્પદ મુદ્દો એ છે કે તેમણે અપભ્રંશ પ્રકારની પ્રાકૃત પણ સમજાવી છે. આ અપભ્રંશમાંથી જે પછીના સમયગાળામાં, ભારતની આધુનિક આર્યભાષાઓ (જેવી કે- ગુજરાતી, મરાઠી, બંગાળી, પંજાબી વગેરે) ઉતરી આવી છે - તે અપભ્રંશને યોગ્ય રીતે વર્ણવી છે. આ અપભ્રંશનું વર્ણન કરનાર પણ તેઓ પહેલા છે, અને અદ્વિતીય છે.

હેમચન્દ્રાચાર્યે પોતાના વ્યાકરણનો માંગલિક પ્રારંભ કરવા માટે, સૌથી પહેલું સૂત્ર “અર્હમ” લખ્યું છે. તથા બીજા જ સૂત્રમાં લખ્યું છે કે - સિધ્ધિ: સ્યાદ્વાદાદ્ \ 1 - 1 - 2 અર્થાત્ શબ્દોનું અનુશાસન, શબ્દોનું શાસ્ત્ર પણ સ્યાદ્વાદના મૂળભૂત સિધ્ધાંત ઉપર જ રચવામાં આવી રહ્યું છે. આનો ગર્ભિતાર્થ એવો પણ છે કે - તેમના પુરોગામી વૈયાકરણ મહર્ષિ પાણિનિએ જે રીતે સંસ્કૃતનું વ્યાકરણ લખ્યું હતું, તેનું જ પછીના સમયમાં સૌએ, નવા વૈયાકરણોએ, અનુસરણ કરવું એવો નિયમ ન હોઈ શકે. નવા માર્ગે, નવી રીતે, નવી શૈલીથી પણ ઉપેયની (ઈચ્છિત વસ્તુની) સિધ્ધિ થઈ શકતી હોય છે. મતલબ કે કોઈ એક, અમુક ઉપાય જ સાચો - એમ નહીં. ઉપાય જડતાથી વળગવાની જરૂર નથી, ઉપેયની પ્રાપ્તિ - એ મુખ્ય મુદ્દો છે. આમ એમનું શબ્દાનુશાસન સ્યાદ્વાદનું આશ્રયણ કરીને કરવામાં આવી છે.

તેમના વ્યાકરણમાં નીચેના વિષયોને અનુક્રમે ગૂંથી લેવામાં આવ્યા છે - (અધ્યાય - 1) વર્ણ ધ્વનિઓનો પરિચય નામપદ બનાવનાર પ્રત્યયો, સ્વર - વ્યંજનોની સંધિ, નામપદ બનાવવાની પ્રક્રિયા, (અધ્યાય - 2) કારક - સંજ્ઞા અને વિભક્તિ - વિધાન, (વાક્ય-રચનામાં જે ઉપયોગી હોય છે), સ્ત્રી - પ્રત્યયવિધિ (અધ્યાય - 3) ઉપસર્ગ - ગતિ સંજ્ઞાનો પ્રદેશ, સમાસ- વિધિ, સમાસ અને તદ્ધિત વિધિમાં થનાર વિધિઓ (અધ્યાય- 4) ક્રિયાપદોની રૂપસિધ્ધિ 3-3 થી 4 સુધી, (અધ્યાય - 5માં) કૃદન્ત પ્રત્યયોની પ્રક્રિયા, ઉણાદિ પ્રત્યયોનું વિધાન (5 ના પૂરકાંશ રૂપે), (અધ્યાય - 6થી લઈને અધ્યાય 7-3 સુધી) તદ્ધિત પ્રત્યયોની પ્રક્રિયા, સમાસાન્ત- વિધિ (7-4 થી) દ્વિત્વ- પ્લુતવિધિ, પરિભાષા સૂત્રોની પ્રસ્તુતિ અને છેલ્લે કુલ 57 ન્યાય- પરિભાષા વચનોનો સંગ્રહ મૂકવામાં આવ્યો છે. જેમાં સૂત્રાર્થઘટનની યુક્તિ- પ્રયુક્તિઓ મૂકી છે.

હેમચન્દ્ર સૂરિએ નામપદોની રૂપસિધ્ધિ માટે 21 પ્રત્યયોની હારમાણા એક જ સૂત્રમાં મૂકી છે. પરંતુ ક્રિયાપદોની રૂપસિધ્ધિ માટે તેમણે 9 પરસ્મૈપદી અને 9 આત્મનેપદી, કુલ 18 પ્રત્યયોને એક જ સૂત્રમાં મૂક્યાં નથી. પણ તેમણે 10 કાળ અને આચાર્ય- વિધ્યર્થાદિ અર્થો રૂપો બનાવવાં માટે અલગ અલગ 18- 18 પ્રત્યોનાં કુલ 10 સૂત્રો આપ્યાં છે. પરિણામે ક્રિયાપદોની રૂપસિધ્ધિ કરવા માટે, વિદ્યાર્થીએ 180 પ્રત્યયો કંઠસ્થ કરવા પડે છે. અને તથાપિ (પાણિનીય વ્યાકરણ - તન્ત્રની) બીજી ઘણી જટિલતાઓમાંથી મુક્તિ મળી જાય છે. આમ આચાર્ય હેમચન્દ્રે પોતાના વ્યાકરણને સરલીકૃત કરવાના આશયથી નવે માર્ગે તૈયાર કર્યું છે - તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

હેમચન્દ્રાચાર્યે પોતાના વ્યાકરણનાં સૂત્રોનું જ્ઞાન શિષ્યોને દ્રઢીભૂત થાય તે માટે, પોતાનાં જ વ્યાકરણનાં સૂત્રોથી સિધ્ધ થતાં શબ્દરૂપોને કાવ્યમાં વાપરી પણ બતાવ્યા છે. (કેવળ થિયરી નહીં, પણ પ્રેક્ટીકલ વિનિયોગ પણ કરી બતાવ્યો છે ) જેમકે, સંસ્કૃત વ્યાકરણનાં સૂત્રોથી જે જે નામપદો અને ક્રિયાપદો સિધ્ધ થતાં તેમણે બતાવ્યાં છે, તે

બધાંનો ઉપયોગ કરીને તેમણે સિધ્ધરાજ જયસિંહદેવના જીવનચરિત્રનું ઐતિહાસિક કાવ્ય પણ લખ્યું છે. આ કાવ્યને દિવ + આશ્રય = દવ્યાશ્રય કહેવાય છે. તેમણે આવી જ પધ્ધતિએ, પ્રાકૃત વ્યાકરણના સૂત્રોથી સિધ્ધ થનારાં શબ્દનો ઉપયોગ કરીને કુમારપાળચરિત નામનું બીજું એક ઐતિહાસિક કાવ્ય પણ લખ્યું છે. - આ બધું જોતાં આચાર્ય હેમચન્દ્રની મહાનતા સ્વયં સ્પષ્ટ થઈ જાય છે. વિદ્યા- જગત્માં તેઓ ચિરકાળ માટે યાદ કરવામાં આવશે.

હેમચન્દ્રાચાર્યની મહત્તા કેવળ વ્યાકરણ ગ્રન્થને લખવા પૂરતી સીમિત નથી. તેમણે તો સર્વ- વિદ્યાઓની શાખા- પ્રશાખાને લગતાં અનેક ગ્રન્થો લખ્યાં છે. જેમકે, (क) कोश- ग्रन्थ - 1. अभिधानचिंन्तामणि (स्वोपज्ञटीका सहित), 2. अनेकार्थकोश, 3. निघण्टु- शेष (वनस्पति कोश), 4. देशीनाममाला, (ख) अलंकार - 5. काव्यानुशासन (स्वोपज्ञ अलंकारचूडामणि एवं विवेक टीका सहित), (ग) छन्दशास्त्र - 6. छन्दोनुशासन (टीका सहित), (घ) दर्शन - 7. प्रमाणमीमांसा (टीकासहित, अपूर्ण), 8. वेदांकुश (द्विजवदनचपेटा), (ड.) इतिहास- व्याकरण काव्य - 9. द्वाश्रय (संस्कृत एवं प्राकृत) काव्य (च) उपदेश- प्रधान पुराण- 10. त्रिषष्टिशलाकापुरुषचरित (महाकाव्य, दश पर्व), (छ) योग- 11. योगशास्त्र (स्वोपज्ञटीका सहित), (ज) स्तोत्र- स्तुति साहित्य- 12. वीतराग स्तोत्र, 13. अन्ययोग- व्यवच्छेद द्वात्रिंशिका (पद्य), 14. अयोग- व्यवच्छेद द्वात्रिंशिका पद्य, 15. महादेव स्तोत्र, (झ) अन्य प्रकीर्ण कृतियाँ - 16. अर्हन्नाम समुच्चय, 17. अर्हन्नीति, 18. नाभेय- नेमि द्विसंधान काव्य, 18. न्याय बलाबल सूत्र इत्यादि.. આને કારણે સૌએ તેમને “કલિકાલસર્વજ્ઞ” નું યથોચિત બિરુદ આપેલ છે. કહેવાય છે કે તેમણે તેમના દીર્ઘ આયુષ્યકાળ દરમ્યાન સાડા ત્રણ કરોડ શ્લોક પ્રમાણ ગ્રન્થો રચ્યા હતા. (જેમાંના કેટલાક અપ્રાપ્ત પણ રહ્યા છે.)

આવા ગુજરાતના જ્યોતિર્ધર સર્વજ્ઞ આચાર્યનું નામ અને તેના થકી સમગ્ર ગુજરાતનું નામ વિશ્વના ઈતિહાસમાં ગૌરવ ભેર, સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે. આચાર્યશ્રીને આપણા સાદર નમસ્કાર.